વોન અને ફ્લિન્ટોફના પુત્રો ઈંગ્લેન્ડ અંડર-19 માટે સાથે ડેબ્યૂ કરે તેવી શક્યતા

લંડન, તા. 02 : ઈંગ્લેન્ડની જોડી માઇકલ વોન અને એન્ડ્રુ ફ્લિન્ટોફની ટેસ્ટ કારકિર્દી સમાપ્ત કર્યાના 15 વર્ષ પછી, તેમના પુત્રો શ્રીલંકા સામેની બે ટેસ્ટ મેચોથી વય જૂથ સ્તરે પરંપરાગત ફોર્મેટમાં તેમની સફર શરૂ કરે તેવી અપેક્ષા છે. એશિઝ વિજેતા ઈંગ્લેન્ડના માજી કેપ્ટન વોનના પુત્ર આર્ચી વોનને મંગળવારે 14-સદસ્યની ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો જેમાં 16 વર્ષીય રોકી ફ્લિન્ટોફનો પણ સમાવેશ થાય છે, જેણે યુવા વનડેમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો છે. ટીમમાં પારિવારિક સંબંધો સ્પષ્ટ દેખાય છે. ઈંગ્લેન્ડના વર્તમાન લેગ સ્પિનર રેહાનના ભાઈ ફરહાન અહેમદ અને ઈંગ્લેન્ડના માજી બેટ્સમેન જો ડેનલીના 17 વર્ષના ભત્રીજા જેડેન ડેનલીને પણ ટીમમાં સ્થાન મળ્યું છે.

ઈંગ્લેન્ડની અંડર-19 ટીમ નીચે મુજબ છે. : હમઝા શેખ (કેપ્ટન), ફરહાન અહેમદ, ચાર્લી બ્રાન્ડ, જેક કાર્ની, જેડન ડેનલી, રોકી ફ્લિન્ટોફ, કેશા ફોન્સેકા, એલેક્સ ફ્રેન્ચ, એલેક્સ ગ્રીન, એડી જેક, ફ્રેડી મેકકેન, હેરી મૂર, નોહ થાઈન, આર્ચી વોન.

જ્યારે રોહિતે એક કોલ કરીને રાહુલ દ્રવિડને વન ડે વર્લ્ડકપ પછી પદ છોડતાં અટકાવ્યો હતો

જો રોહિતનો ફોન ન આવ્યો હોત તો હું હાલ સર્જાયેલા ઇતિહાસનો ભાગ ન બની શક્યો હોત, થેન્ક્સ ફોર કોલ રોહિત : દ્રવિડનો ખુલાસો

ખેલાડીઓના સામુહિક પ્રદર્શનની પ્રશંસા કરીને દ્રવિડે તેમને સિદ્ધિની બને એટલી ઉજવણી કરવા કહ્યું, બીસીસીઆઇને પણ વખાણ્યું

બ્રિજટાઉન (બાર્બાડોસ), તા. 02 (પીટીઆઈ) : ભારતીય ક્રિકેટ ટીમના વિદાય લેનારા મુખ્ય કોચ રાહુલ દ્રવિડે અહીં ટી-20 વર્લ્ડ ચેમ્પિયન બન્યા બાદ ટીમને આપેલા વિદાયના ભાષણમાં ખુલાસો કર્યો હતો કે જો વન ડે વર્લ્ડકપની ફાઈનલમાં હાર પછી પદ પર જળવાઈ રહેવા માટેની વિનંતી કરતો કેપ્ટન રોહિત શર્માનો ફોન ન આવ્યો હોત, તો તે આ ઈતિહાસનો ભાગ ન બની શક્યો હોત.

દ્રવિડનો કાર્યકાળ વન ડે વર્લ્ડકપ સાથે સમાપ્ત થયો હતો. ભારત સતત 10 મેચ જીત્યા બાદ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારી ગયું હતું. જોકે, કોચિંગ સ્ટાફને શનિવારે સમાપ્ત થયેલા ટી-20 વર્લ્ડકપના અંત સુધી એક્સ્ટેંશન મળ્યું હતું. ભારતે દ્રવિડના માર્ગદર્શનમાં પોતાનો બીજો ટી-20 વર્લ્ડકપ જીત્યો હતો પરંતુ તેણે આ ભૂમિકામાં જળવાઈ રહેવા માટે અરજી કરી નહોતી. તેણે શનિવારે દક્ષિણ આફ્રિકા સામેની ફાઈનલમાં ટીમની સાત રને જીત બાદ કેન્સિંગ્ટન ઓવલ ડ્રેસિંગ રૂમમાં તેના ભાષણ દરમિયાન કોચ તરીકે ચાલુ રાખવા માટે તેને વિનંતી કરવામાં રોહિતની ભૂમિકાનો ઉલ્લેખ કર્યો હતો હતો. મંગળવારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) દ્વારા શેર કરેલા વીડિયોમાં દ્રવિડે કહ્યું હતું કે 'રો (રોહિત), નવેમ્બરમાં મને ફોન કરવા અને મને ટીમ સાથે જોડાવા માટે કહેવા બદલ તારો ખૂબ ખૂબ આભાર.' દ્રવિડે ટૂર્નામેન્ટ દરમિયાન સામૂહિક રીતે નક્કર પ્રદર્શન માટે ખેલાડીઓની પ્રશંસા કરી અને તેઓને શક્ય તેટલી સિદ્ધિની ઉજવણી કરવા વિનંતી કરી. દ્રવિડે બીસીસીઆઈના અધિકારીઓ અને અન્ય લોકોના પડદા પાછળના કામ માટે પણ પ્રશંસા કરી હતી.

ભારતીય ટીમ ઝિમ્બાબ્વે જવા રવાના, ગિલ અમેરિકાથી ટીમ સાથે જોડાશે

વીવીએસ લક્ષ્મણના માર્ગદર્શન હેઠળ યુવા ટીમ પાંચ મેચની ટી-20 સીરિઝ રમવા માટે રવાના થઇ

મુંબઈ, તા. 02 (પીટીઆઈ) : નેશનલ ક્રિકેટ એકેડમી (એનસીએ)ના વડા વીવીએસ લક્ષ્મણના માર્ગદર્શન હેઠળ, યુવા ભારતીય ક્રિકેટ ટીમ 6 જુલાઈથી હરારેમાં શરૂ થનારી પાંચ મેચની ટી-20 ઈન્ટરનેશનલ સીરિઝ રમવા માટે ઝિમ્બાબ્વે જવા રવાના થઈ હતી.

ટીમનું સુકાન શુભમન ગિલ સંભાળશે જ્યારે યુવા ખેલાડીઓ રિયાન પરાગ અને અભિષેક શર્માને છેલ્લી આઈપીએલમાં તેમના પ્રદર્શન બાદ પ્રથમ વખત ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. ટી-20 વર્લ્ડકપ માટે રિઝર્વ ઓપનિંગ બેટ્સમેન એવો કેપ્ટન ગિલ બ્રેક પર હતો અને તે અમેરિકાથી સીધો હરારેમાં ટીમ સાથે જોડાશે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ પ્લેનમાં સવાર ઝિમ્બાબ્વે રવાના થયેલી ટીમના સભ્યોના 'X' પર ફોટાઓ પોસ્ટ કર્યા હતા, જેમાં અભિષેક શર્મા, રિયાન પરાગ, ઋતુરાજ ગાયકવાડ, અવેશ ખાન, રવિ બિશ્નોઈ, વોશિંગ્ટન સુંદર, તુષાર દેશપાંડે, મુકેશ કુમાર અને લક્ષ્મણનો સમાવેશ થાય છે.

ઝિમ્બાબ્વે સામેની પ્રથમ બે ટી-20 માટે ભારતીય ટીમમાં સુદર્શન, જીતેશ અને હર્ષિતનો સમાવેશ

વેસ્ટઇન્ડિઝમાં ફસાયેલી ટી-20 વર્લ્ડ ચેમ્પિયન ભારતીય ટીમની સાથે ઝિમ્બાબ્વે સીરિઝ માટેની ટીમમાં સામેલ સેમસન, દુબે અને જયસ્વાલના રિપ્લેસમેન્ટની જાહેરાત થઇ પણ રિન્કુ સિંહ અને ખલીલ અહેમદનું રિપ્લેસમેન્ટ હજું જાહેર નથી થયું

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઇ) : ભારતીય ક્રિકેટ ટીમ ટી-20 વર્લ્ડકપ જીત્યા પછી વાવાઝોડાને કારણે વેસ્ટઇન્ડિઝમાં ફસાઇ ગઇ છે અને તેમાં સંજુ સેમસન, શિવમ દુબે અને યશસ્વી જયસ્વાલ પણ સામેલ છે ત્યારે હવે 6 જુલાઇથી ઝિમ્બાબ્વે પ્રવાસમાં રમાનારી પાંચ મેચોની ટી-20 ઇન્ટરનેશનલ સીરિઝની પ્રથમ બે મેચ માટે આ ત્રણેય ખેલાડીના સ્થાને સાઇ સુદર્શન, જીતેશ શર્મા અને હર્ષિત રાણાને મંગળવારે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. ટી-20 વર્લ્ડકપ જીતનાર ભારતીય ટીમમાં સામેલ દુબે, સેમસન અને જયસ્વાલ ઝિમ્બાબ્વે જનારી ટીમમાં સામેલ થવાના હતા પરંતુ હરિકેન બેરીલના કારણે તેઓ બાર્બાડોસમાં ફસાયેલા છે. આ અનિવાર્ય સંજોગોને કારણે બીસીસીઆઇને ત્રણ ખેલાડીઓના રિપ્લેસમેન્ટની જાહેરાત કરવાની ફરજ પડી હતી. એક વાત નોંધ લેવા જેવી છે કે ટી20 વર્લ્ડ કપ ટીમ સાથે રિઝર્વ પ્લેયર તરીકે ગયેલા ઝડપી બોલર ખલીલ અહેમદ અને આક્રમક બેટ્સમેન રિંકુ સિંહ પણ હાલમાં બાર્બાડોસમાં ફસાયેલા છે. આ બંનેનો પણ ઝિમ્બાબ્વે પ્રવાસ માટેની ભારતીય ટીમમાં સમાવેશ કરાયો હોવા છતાં પણ બીસીસીઆઇએ તેમના રિપ્લેસમેન્ટની જાહેરાત કરી નથી. આ તરફ સાઇ સુદર્શન હાલમાં ધ ઓવલ, લંડન ખાતે સરે માટે કાઉન્ટી ક્રિકેટ રમી રહ્યો છે અને હવે તેનો સમાવેશ ટીમમાં કરાયો હોવાથી તે તરત જ હરારે જવા રવાના થાય તેવી અપેક્ષા છે.

ઝિમ્બાબ્વે સામેની ટી-20 સીરિઝની પ્રથમ બે મેચો માટે અપડેટેડ ભારતીય ટીમ : શુભમન ગિલ (કેપ્ટન), ઋતુરાજ ગાયકવાડ, અભિષેક શર્મા, રિંકુ સિંહ, ધ્રુવ જુરેલ, રિયાન પરાગ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, અવેશ ખાન, ખલીલ અહેમદ, મુકેશ કુમાર, તુષાર દેશપાંડે, સાઈ સુદર્શન, જીતેશ શર્મા, હર્ષિત રાણા.

યુરો 2024 : સ્લોવેનિયા સામે પેન્લ્ટી શૂટઆઉટમાં રોમાંચક જીત સાથે પોર્ટુગલ ક્વાર્ટર ફાઇનલમાં

120 મિનિટ સુધી ચાલેલી પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં તળિયાના ક્રમની સ્લોવાનિયાએ રોનાલ્ડો સહિતના સ્ટારને ગોલ કરવા ન દીધો

નિર્ધારિત સમય સુધી એકેય ગોલ ન થતાં પેનલ્ટી શૂટઆઉટમાં ગયેલી મેચ ગોલકીપર ડિયોગો કોસ્ટાને કારણે પોર્ટુગલ 3-0થી જીત્યું

ફ્રેન્કફર્ટ (જર્મની) તા. 02 (એપી) : યુરો 2024 ફૂટબોલની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં વિશ્વ રેન્કિંગમાં 57મા ક્રમે રહેલા સ્લોવેનિયાએ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને અન્ય ઘણા દિગ્ગજ ખેલાડીઓથી શોભતી પોર્ટુગલની ટીમને 120 મિનિટ સુધી ગોલ કરવા ન દીધા પછી પેનલ્ટી શૂટઆઉટમાં ગયેલી મેચ સ્લોવાનિયા 0-3થી હારી ગયું હતું. વે અંતિમ આઠમાં પોર્ટુગલ સામે ફ્રાન્સનો પડકાર છે.

કેપ્ટન રોનાલ્ડો માટે આ મેચ ખૂબ જ ઉતાર-ચઢાવભરી રહી હતી જેમાં તે પોતાની ભાવનાઓને કાબૂમાં રાખી શક્યો નહોતો. નિયમિત સમયમાં મેચ ગોલ રહિત રહ્યા બાદ અડધા કલાકના વધારાના સમયમાં પણ મેચ ગોલ રહિત રહી હતી. જોકે મેચની 105મી મિનિટે રોનાલ્ડો પાસે ટીમને લીડ અપાવવાની આસાન તક હતી, પરંતુ તે પેનલ્ટી કિક પર ગોલ કરવાનું ચૂકી ગયો હતો. સ્લોવેનિયાના ગોલકીપર જાન ઓબ્લાકે પોર્ટુગલને લીડ લેતા અટકાવવા માટે ડાબી બાજુથી નીચે ડાઇવિંગ કરીને શાનદાર બચાવ કર્યો. આ પ્રયાસ નિષ્ફળ થયા બાદ રોનાલ્ડોની આંખોમાં આંસુ હતા. જો કે, તેના સાથી ખેલાડીઓએ તેને પ્રોત્સાહિત કર્યો અને તેને મેચ પર ધ્યાન કેન્દ્રિત કરવા કહ્યું. વધારાના સમય બાદ પણ મેચ ગોલ રહિત ડ્રોમાં સમાપ્ત થઈ હતી. ત્યારપછી પોર્ટુગલના ગોલકીપર ડિયોગો કોસ્ટાએ પેનલ્ટી શૂટઆઉટમાં સ્લોવેનિયાના જોસિપ ઈલિકિકના પ્રથમ પ્રયાસને બચાવી લીધો હતો. આ પછી રોનાલ્ડોએ ગોલ કરીને ટીમને લીડ અપાવી અને પોતાની નિરાશા પાછળ છોડી દીધી. કોસ્ટાએ જ્યુર બાલ્કોવેક અને બેન્જામિન વર્બિકની પેનલ્ટી કિક્સ બચાવી હતી, જ્યારે બ્રુનો ફર્નાન્ડિસ અને બર્નાર્ડો સિલ્વાએ પોર્ટુગલને 3-0થી જીત અપાવવા માટે પોતપોતાના પ્રયાસો કર્યા હતા.

સ્લોવાનિયા સામેની મેચમાં પેનલ્ટી કીક ચૂક્યા પછી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો રડી પડ્યો

રોનાલ્ડો રડ્યો ત્યારે સ્ટેન્ડમાં બેઠેલી તેની માતા મારિયા પણ રડતી જોવા મળી, સાથી ખેલાડીઓએ રોનાલ્ડોને સંભાળ્યો

જર્મની તા. 02 : રવિવારે પોર્ટુગલ અને સ્લોવેનિયા વચ્ચે રમાયેલી યુરો 2024 રાઉન્ડ ઓફ 16 મેચમાં પેનલ્ટી કીક ચૂકી જતાં પોર્ટુગલનો કેપ્ટન ક્રિસ્ટિયાનો રડતો જોવા મળ્યો હતો. રોનાલ્ડો પોતાની લાગણીઓને કાબૂમાં રાખી શક્યો નહોતો. તેની માતા, મારિયા, પણ સ્ટેન્ડમાં રડતી જોવા મળી હતી કારણ કે તે તેના સુપરસ્ટાર પુત્રને કોઈ મદદ કરવા અસમર્થ હતી. જોકે, રોનાલ્ડોના સાથી ખેલાડીઓએ તેને સપોર્ટ કર્યો હતો. જો રોનાલ્ડોએ તેની પેનલ્ટીને ગોલમાં ફેરવી દીધી હોત તો પોર્ટુગલ આ મેચ જીતી ગયું હોત. આ મેચ નિર્ધારિત સમયમાં ગોલ રહિત રહી હતી રોનાલ્ડોએ રમતની છેલ્લી મિનિટોમાં લીડ લેવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તે ફ્લોપ રહ્યો હતો. રોનાલ્ડોએ મેચ પછી પોર્ટુગીઝ બ્રોડકાસ્ટર આરટીપીને કહ્યું હતું કે કેટલીકવાર પેનલ્ટી ફટકારવી મુશ્કેલ હોય છે. મેં મારી કારકિર્દીમાં 200થી વધુ પેનલ્ટી ફટકારી છે. ક્યારેક આવી ગરબડ થઇ જાય છે.

વોન્ડ્રોસોવા 1994 પછી પ્રારંભિક રાઉન્ડમાંથી આઉટ થનારી પહેલી મહિલા વિમ્બલડન ચેમ્પિયન બની

વિમ્બલડન મહિલા સિંગલ્સમાં નાઓમી ઓસાકા છેલ્લા 6 વર્ષમાં પોતાની પહેલી જીત નોંધાવી આગળ વધી

લંડન, તા. 02 : માર્કેટા વોન્ડ્રોસોવા 1994 પછી વિમ્બલડન ટેનિસના પ્રારંભિક રાઉન્ડમાં હારનો સામનો કરનાર પ્રથમ ડિફેન્ડિંગ મહિલા ચેમ્પિયન બની હતી. વોન્ડ્રોસોવાને મંગળવારે સેન્ટર કોર્ટ પર સ્પેનની જેસિકા બૌજાસ મેનિયરોએ સીધા સેટમાં 6-4, 6-2થી હરાવી હતી. આ તરફ જાપાનીઝ ચેમ્પિયન નાઓમી ઓસાકાએ વિમ્બલડનમાં છ વર્ષમાં પ્રથમ વખત જીત મેળવીને આગેકૂચ કરી હતી, આ ઉપરાંત વર્તમાન યુએસ ઓપન ચેમ્પિયન કોકો ગો, 2021 યુએસ ઓપન વિજેતા એમ્મા રાડુકાનુ પણ જીત નોંધાવવામાં સફળ રહ્યા હતા.

વોન્ડ્રોસોવા ગયા વર્ષે ઘણા અપસેટ સર્જ્યા બાદ ઓલ ઈંગ્લેન્ડ ક્લબમાં ચેમ્પિયન બની હતી. તે ગ્રાસ કોર્ટ પર રમાતી ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટમાં ટ્રોફી જીતનારી પ્રથમ બિનક્રમાંકિત મહિલા બની હતી. હવે તેના નામે વધુ એક રેકોર્ડ નોંધાયો છે. 1968માં શરૂ થયેલી રમતના ઓપન એરામાં માત્ર એક જ વાર ડિફેન્ડિંગ ચેમ્પિયન પ્રથમ રાઉન્ડમાં બહાર થઈ ગઇ હતી. લગભગ 30 વર્ષ પહેલા સ્ટેફી ગ્રાફને લોરી મેકનીલે હરાવી હતી. વિમ્બલડન મહિલા સિંગલ્સમાં નાઓમી ઓસાકાએ સોમવારે છ વર્ષમાં તેની પ્રથમ જીત નોંધાવી હતી. ઓસાકાએ ડિયાને પેરીને 6-1, 1-6, 6-4થી હરાવીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

સુડોકુ - ૪૫૦૪ - 'કઠિન'

	૨		૮				૬	
		૮	૨	૧				
૧	૩	૯	૭			૮	૨	૪
૨		૪				૩	૧	
					૬	૭	૪	૫
	૫	૩	૪	૭	૧			
૫		૭				૬	૩	૮
			૫	૮				૨
૮	૪	૨		૩	૯		૭	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૭	૫	૩	૯	૬	૨	૧	૨
૨	૩	૧	૭	૨	૫	૬	૬	૯
૨	૬	૬	૨	૬	૭	૩	૫	૫
૩	૨	૭	૬	૧	૧	૯	૩	૫
૫	૬	૯	૨	૯	૬	૨	૭	૩
૬	૫	૩	૫	૨	૩	૧	૬	૨
૧	૨	૨	૫	૬	૩	૩	૯	૬
૭	૫	૩	૯	૬	૨	૨	૫	૧
૩	૧	૬	૧	૨	૯	૭	૨	૩

૧૫૦૫-ઇફ્ફ ફૈંડ્ફિ

યુરો 2024 : બેલ્જિયમ આત્મઘાતી ગોલથી હારતા ફ્રાન્સ ક્વાર્ટર ફાઇનલમાં

ડ્યુસેલડોર્ફ, તા. 02 (એપી) : યુરો 2024 ફૂટબોલ ટુર્નામેન્ટની સોમવારે રાત્રે અહીં રમાયેલી એક મેચમાં એક આત્મઘાતિ ગોલની મદદથી ફ્રાન્સે બેલ્જિયમને 1-0થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. ફ્રાન્સના સબસ્ટીટ્યૂટ ખેલાડી રેન્ડલ કોલો મુઆનીએ ફટકારેલો શોટ બેલ્જિયમના ડિફેન્ડરને વાગીને ગોલ પોસ્ટમાં જતો રહેતા આ ગોલ થયો હતો. બે દિગ્ગજ પડોશી ટીમો અને વિશ્વની બીજી ક્રમાંકિત ફ્રાન્સ અને ત્રીજી ક્રમાંકિત બેલ્જિયમની ટીમો વચ્ચેની આ પ્રી-ક્વાર્ટર ફાઈનલ મેચ અપેક્ષાઓ પર ખરી ઉતરી ન હતી અને મેચમાં માત્ર એક ગોલ થયો હતો. બીજા હાફમાં અવેજી તરીકે ઉતરેલા મુઆનીએ 85મી મિનિટે એક ઝડપી તિવ્ર શોટ માર્યો હતો જે બેલ્જિયમના ડિફેન્ડર યાન વર્ટોંગેનને અથડાઇને ગોલકીપર કોએન કેસ્ટિલ્સની ઉપરથી ગોલ પોસ્ટમાં જતો રહ્યો હતો. ફ્રાન્સ સામે વર્તમાન ટુર્નામેન્ટમાં આ બીજો આત્મઘાતી ગોલ છે. ફ્રાન્સ શુક્રવારે અંતિમ આઠમાં પોર્ટુગલ સામે ટકરાશે, જેણે સ્લોવેનિયાને પેનલ્ટી શૂટઆઉટમાં હરાવ્યું હતું. મુઆનીએ મેચ પછી કહ્યું હતું કે હું નસીબદાર હતો કે મારો શોટ લક્ષ્ય પર હતો, તેને અટકાવાયો હોવા છતાં તે અંદર જતો રહ્યો. હું ખૂબ જ ખુશ છું અને ખૂબ ગર્વ અનુભવું છું.

સુમિત નાગલ વિમ્બલડનના પ્રથમ રાઉન્ડમાંથી બહાર

લંડન, તા. 02 (પીટીઆઇ) : ભારતના ટોચના સિંગલ્સ ટેનિસ ખેલાડી સુમિત નાગલ 44 અનફોર્સ્ડ એરરને કારણે વિમ્બલડનના પ્રથમ રાઉન્ડમાં સર્બિયાના મિઓમિર કેક્માનોવિક સામે ચાર સેટની મેચમાં હાર સાથે સ્પર્ધામાંથી બહાર થઈ ગયો હતો. મેન્સ સિંગલ્સના મુખ્ય ડ્રોમાં પ્રથમ વખત ભાગ લઈ રહેલા નાગલે સોમવારે રાત્રે બે કલાક અને 38 મિનિટ સુધી ચાલેલી મેચમાં 2-6, 6-3, 3-6, 4-6થી હારનો સામનો કરવો પડ્યો હતો.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

શરીરમાં ગાંઠ

કાંચનારની છાલ 10 ગ્રામ લઈ, છૂંદી, 200 મીલી ચોખાના ધોવરામણમાં બોળી રાખો. આખી રાત અથવા બે કલાક બોળી રાખી, ચોળી ગાળીને પી જવું. રોજ સવાર સાંજ બે વાર પીવું. કાંચનાર ગૂગળ, તૈયાર મળે છે બે, બે ગોળી રોજ ત્રણ વાર લેવી.

આજનું પંચાંગ

તા. 03/07/2024, બુધવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** જેઠ
તિથિ: વદ: બારસ:-07.11, પછી તેરસ
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : અષાઢ:12
નક્ષત્ર : રોહિણી : 28.08
યોગ: શૂલ, **કરણ :** ગર
રાશિ : વૃષભ (બ,વ,ઉ)
દિવસ : અશુભ, પ્રદોષ,-તેરસનો ક્ષય છે.
સુરતમાં સૂર્યોદય : 06:03 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
નવકારસી : 06:51
પારસી વર્ષ : 1393, બહમન માસનો 23મો રોજ
મુસલમાન વર્ષ : 1445, જીલ્હેજ માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાં: લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાં: ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે : 12:00 થી 13:30 સુધી

મેષ (અ.લ.ઇ.): ઉઘરાણી આવે તથા ખાણીપીણીના ધંધામાં આવક વધે. પરિવારનો સાથ મળે.
વૃષભ (બ.વ.ઉ.): રોમેન્ટીક મુલાકાત થાય. દાંપત્યમાં રોમેન્ટીક બનશો. આવકમાં વધારો થાય.
મિથુન (ક.છ.ઘ.): વિલાસી અને ખર્ચાળ બનશો. ખાવા-પીવામાં ધ્યાન રાખવું. પ્રવાસ થાય.
કર્ક (ડ.હ.): પ્રેમમાં વિવાહનો પ્રસ્તાવ આવી શકે છે. મિત્રોનો સાથ મળવાથી નવી બચત યોજના બને.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ.ટ.): સ્ત્રીવર્ગને ઉપયોગી વસ્તુના વેપારમાં લાભ થાય. સમાજ જીવનમાં સાવધાન રહેવું.
કન્યા (પ.ઠ.ણ.): વિદેશ બાબતે અનુકૂળતા થાય. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. ધર્મ-કર્મ થાય.
તુલા (ર.ત.): આધ્યાત્મિક શાંતિ મળે. ઉઘરાણી આવે. ખાવા-પીવાના ધંધામાં લાભ થાય.
વૃશ્ચિક (ન.ય.): સમાજજીવનમાં યશ મળે. ઉમરલાયકના વિવાહની વાત ચાલે.
ધન (ભ.ધ.ફ.ઢ.): આરોગ્ય બાબતે ચોક્કસ બનશો. નોકરીમાં પગાર વધારો થઈ શકે છે.
મકર (ખ.જ.): વિદ્યાભ્યાસમાં મદદ મળે. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં પ્રગતિ થાય.
કુંભ (ગ.સ.શ.ષ.): મિત્રો સાથે મનોરંજન પાર્ટી થાય. આવકનાં સાધનો વધારી શકાય.
મીન (દ.ચ.ઝ.થ.): ખાણી-પીણીના ધંધામાં લાભ થાય. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય.

કોઇ પણ સાલમાં 3 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થાય. નવાં નોકરી-ધંધા-વ્યવસાયની યોજના પાર પડે. વિદેશમાં ધંધા-વેપારની યોજનામાં માર્ગદર્શન મળે. આવકનાં સાધનો વધે. ચાલુ નોકરી-ધંધા-વ્યવસાયમાં નવી નીતિ અને ટેક્નોલોજી પ્રમાણે કામ કરવું પડે. ઉઘરાણી આવવાથી નવી બચત યોજના બને. વારસા, જાયદાદ, જમીનના ઝઘડાનું નિરાકરણ આવે. વર્ષની શરૂઆતમાં નવા, ઘર, વાહન, મકાનના યોગ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. સમાજમાં યશ મળે.ઉમરલાયકના વિવાહ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. સંતાનોની પ્રગતિથી ઉત્સાહ વધશે. મિત્રો-વડીલોની મદદ આવકનાં સાધનો ઊભાં કરવામાં મળે. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળે. નવા રોકાણમાં કોઈની વાતોમાં આવવું નહીં. વર્ષની મધ્યમાં આરોગ્યના ખર્ચા વધશે. ફેબ્રુઆરી-માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. જૂન-જુલાઈમાં ખર્ચા વધશે.

શબ્દગુંફન - ૬૭૦૬

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. શ્રીકૃષ્ણ (૫)
૪. છલાંગ, કૂદકો (૩)
૭. મૃત્યુના દેવ (૨)
૯. વયમાં આવેલું, પુખ્ત (૩)
૧૦. બીક, ડર (૨)
૧૨. વૃક્ષોની લાંબી હાર (૪)
૧૪. રમી રહેલું, આનંદ માણતું (૪)
૧૫. મનની ઈચ્છા (૫)
૧૮. જડેલું, બેસાડેલું (૩)
૨૦. ચોરી (૩)
૨૨. ખેલનો તમાશો (૩)
૨૪. પહેલવાન (૨)
૨૫. કિંમત, મૂલ્ય (૨)
૨૬. ભોજનનું નોતરું (૩)
૨૯. પાંચમું પાતાલ (૪)
૩૨. મનુષ્ય (૨)
૩૩. વચન (૨)
૩૪. ખામી, ગફલત (૨)
૩૫. એક ફળ (૩)
૩૬. મામાની પત્ની (૨)
૩૭. ભાઈ (૨)

ઊભી ચાવી
૧. સાચા મનનું (૪)
૨. પુત્ર (૨)
૩. આંખ (૩)
૫. રાજા (૨)
૬. સંદેશો (૪)
૮. સમારકામ (૪)
૧૧. જમ જેવો ભયંકર માણસ (૪)
૧૨. વેપાર (૩)
૧૩. એક જાતનું કાપડ (૨)
૧૬. મેનાની જાતનું એક પક્ષી (૩)
૧૭. પાસ નહિ થયેલું (૩)
૧૯. શરીર (૨)
૨૦. કુળવાન (૪)
૨૧. ખેલ (૩)
૨૨. યુધ્ધભૂમિ (૫)
૨૩. નામ બોળે એવો પુત્ર (૩)
૨૭. સોના-ચાંદીનું છેક પાતળું પતરું. (૩)
૨૮. લડાઇનું મેદાન (૨)
૩૦. વર્ષ, નડતર (૩)
૩૧. સહેજ, થોડુંક (૩)
૩૩. દુશ્મનાવટ (૨)



૩૦૭૩૩- ઇફ્ફ ૮ફ્ફ્ઇઅગ૪

SARDAR PATEL UNIVERSITY. VALLABH VIDYANAGAR - 388 120

NOTIFICATION OF ANNUAL CONVOCATION-2024

The 67th Annual Convocation for conferring Degrees and P. G. Diploma Certificate, will be held at Sardar Patel University, Vallabh Vidyanagar on 15th December, 2024. Eligible students who fulfill all the requirements for receiving Degrees and P. G. Diploma Certificate at the above convocation need to apply online. The online link, details regarding general instructions & guidelines to fill up online Degree and P. G. Diploma Certificate form is available at the university website link: www.spuvvn.edu/students_corner/convocation_details_forms/The online application form can be filled and submitted between 05/07/2024 to 07/09/2024.

Vallabh Vidyanagar
Date:02/07/2024
(INF/ANAND/126|24-25)

Dr. Bhailalbhai Patel
Registrar

જાહેર નોટીસ
નગર રચના યોજના નં.૧૭ (પુણા), સુરત.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૭ (પુણા) સુરતમાં આવરી લેવાયેલ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ જમીનોના માલિકો/હિત સંબંધ ધરાવતી વ્યક્તિઓને સદરહું યોજનાની પ્રારંભિક યોજનાના નિર્ણયો જાહેર કરતા પહેલાની દરખાસ્ત (વર્ષ-૨૦૧૩) અંગેની પહેલી તકની સુનાવણી બાબતે અત્રેથી નોટીસ બજાવવામાં આવેલ અને સુનાવણીનું કામકાજ પુર્ણ કરવામાં આવેલ છે.

આમ યોજના વિસ્તારમાં માલિકી ધરાવતી, હિત- સંબંધ ધરાવતી કે ભાડુઆત, કબ્જા હક્ક ધરાવતી દરેક વ્યક્તિઓને નામ કે સરનામ